ISSN : xxxx-xxxx
Volume-1, Issues: 1, April-June, 2020

# 'ॐ' સૃષ્ટિ રચયિતાના હસ્તાક્ષર !

**યોગેન્દ્ર પટેલ**
ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર
મો.૯૦૯૯૯૫૪૨૫૦

**Received : 04-06-2020** **Published Online : July, 2020** **Accepted : 25-06-2020**

સૃષ્ટિ રચયિતા સર્વશક્તિમાન શ્રી પરમેશ્વર મહાન છે. તેઓને કોઈ પણ પ્રકારની સહાયની જરૂર નથી. તે સહાય કોઈ શરીરની હોય કે પ્રાણીની. પરમેશ્વર પોતાનું કાર્ય કરવામાં સમર્થ છે તેથી તે સર્વશક્તિમાન છે. સર્વ પ્રકારનું સામર્થ્ય છે તેને 'ઈશ્વરીય સત્તા' કહે છે. સર્વત્ર, સૂક્ષ્મથી સૂક્ષ્મમાં, સ્થૂલ અને ગુણમાં રહેનાર પરમાત્મા છે. સંપૂર્ણ જગત એક ઈશ્વરીય સત્તાથી વ્યાપ્ત છે. આ ઈશ્વરીય સત્તા બધાની અંદર, સર્વદૂર, સર્વત્ર વ્યાપ્ત છે. दिव्यो ह्यमूर्तः पुरुषः सबाह्याभ्यन्तरो ह्यजः । अप्राणो ह्यमनाः शुभ्रो ह्यक्षरात् परतः पुरः । (મુણ્ડકો.૨.૨) અક્ષર પુરુષ પરમાત્મા નિઃસંદેહ આકાર હિત અને સમસ્ત જગતના બહાર અને અંદર પણ પરિપૂર્ણ છે. તેઓ જન્માદિ વિકારોથી રહિત, સર્વથા વિશુદ્ધ છે. તે પ્રાણ રહિત, મનથી શૂન્ય, પવિત્ર, સૂક્ષ્મ, અવિનાશી છે. પ્રકૃતિ અને આત્માથી પર છે, સૂક્ષ્મ છે. તેઓ સંપૂર્ણ સમર્થ છે. અંતઃ તે અવિનાશી પુરુષોત્તમ સર્વશ્રેષ્ઠ છે.

જીવ-જીવની મર્યાદાનાં બંધન તોડે તે 'પરમેશ્વર' છે. જેને ઋત કહેવાય છે. સમસ્ત વ્યક્ત સૃષ્ટિમાં ગતિ મૂળ તત્ત્વ છે. બ્રહ્મ જ ઋત છે. ઈશ્વર અનુશાસિત છે. પ્રકૃતિ પર નિયંત્રણ રાખવાવાળા, સમસ્ત શુભ અને અશુભ ફળ આપનાર પરમાત્મા પણ નિયમબદ્ધ છે. પરમાત્માના નિયમો-કાનૂન પહેલાં પણ હતા, આજે પણ છે અને ભવિષ્યમાં પણ તેવા જ અપરિવર્તનીય જ રહેશે. પરમાત્માના નિયમો હંમેશા એકસરખા જ રહે છે. પરમાત્મા શુદ્ધ પવિત્ર, સર્વજ્ઞ, સદા નિયમોનું પાલન કરવાવાળા છે. સમગ્ર જીવસૃષ્ટિ માટે ન્યાયકારી છે.

સૃષ્ટિ રચયિતા સર્વશક્તિમાન શ્રી પરમેશ્વરને પ્રથમ દષ્ટિથી 'ઈશ્વર'...'ઓરૂમ્'ના નામથી પુકારવામાં આવે છે. ગુરુ નાનકદેવજી કહે છે કે 'एक औमकार सतनाम करतापुरख निरभऊनिरबैर अकाल मूरत अजूनी सैभं गुरुप्रसाद जप आद सच जुगाद सच' અર્થાત્ તે એક છે. ઓમકાર સ્વરૂપ છે. સત્ય તેનું જ નામ છે. તે જગતકર્તા, આદિપુરુષ, નિર્ભય, નિર્વૈર, અવિનાશી, અજન્મા તેમજ સ્વયંભૂ છે.

ૐ જે વૈશ્વિક ચૈતન્ય શક્તિનું પવિત્ર પ્રતીક છે. આદિ ઈશ્વરનો વાચક શબ્દ ૐ છે. શબ્દ જ સૃષ્ટિ છે અને એ જ પરમાત્મા છે. વૈખરી વાણીનો પ્રથમોચ્ચાર ૐ છે. તેનું પ્રથમ નામ ૐ છે. પુરાણમાં એક કથા પ્રસંગ છે - જ્યારે બ્રહ્માંડનું ભેદન કરીને ઉત્પન્ન થયા તો તેમના મુખમાંથી તરત જ ૐનું ઉચ્ચારણ થયું. આ ૐકાર પરબ્રહ્મ છે. (શશિ, ૨૦૧૨,. ૫૧) સૃષ્ટિનો પ્રથમ શબ્દ ૐ છે. ૐ એ અવકાશની પ્રતિકૃતિ અને બ્રહ્મનો નાદ છે. ૐ એ નાદ બ્રહ્મ છે.


Editors : *Dr. Prashant Patel, Dr. Nimish Vasoya*
*Published by : Children's University, Gandhinagar*

ISSN : xxxx-xxxx
Volume-1, Issues: 1, April-June, 2020

વેદનો આદિ નાદ ॐ છે. ॐ વેદનો બોધક છે. ॐકાર વેદ છે. ॐ એ જગતનું મૂળ છે. ॐકાર એ જ સંપૂર્ણ જગત છે. ક્ષર અને અક્ષર ॐ છે. દૃશ્ય અને અદૃશ્ય સંપૂર્ણ જગત ॐ છે. વ્યક્ત અને અવ્યક્તનું પ્રતીક ॐ છે. સાકાર અને નિરાકાર ॐ છે. સૂક્ષ્મ અને સ્થૂળ ॐ છે. (ગાંધી, ૨૦૦૭, ૧૯૬) ॐ પરબ્રહ્મનું દ્યોતક છે. ॐ પરબ્રહ્મનું પ્રતીક છે. ॐ સર્વસ્વ છે. ॐ એ ધ્વનિ પરબ્રહ્મનો વાચક છે. બ્રહ્મવિદ્યાનો સંપૂર્ણ અર્થ ॐકારમાં છે.

**ॐકારનાં બે નામ છે :**

**૧. પ્રાણ** - પ્રણવનું પ્રતીક ओमिति ब्रह्म । ओमितिदँ सर्वम् । (તૈત્તિરીયોપનિષદ ૧.૮.૧) અર્થાત્ ॐ જ બ્રહ્મ છે. ॐ જ સર્વસ્વ છે. ॐ પ્રણવ છે, પ્રાણ છે, સ્પંદન છે.

પતંજલિ અનુસાર પ્રણવ એટલે કે ॐ ઈશ્વરનું નામ છે. ઈશ્વરને સાદ કરવો હોય તો ॐકારનો જપ કરવો પડે છે. એ માટે પ્રણવ સાધના અર્થાત્ ॐકાર જપ તથા ઈશ્વરનું ધ્યાન જ સર્વોત્તમ સાધના હોવાનું યોગસૂત્રમાં કહેવાયું છે.

ओम् पूर्णमदः पूर्णमिदं पूर्णात्पूर्णमुदच्यते ।

पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते ॥

બૃહદારણ્યકોપનિષદ, ૫.૧.૧

ઈશ્વર પૂર્ણ છે. આ જગત પૂર્ણ છે. બધું જ પૂર્ણ છે, બધું જ એકબીજાથી પણ પૂર્ણ છે, બધું જ પૂર્ણમાં છે. પૂર્ણમાંથી પૂર્ણ જ બહાર આવે છે અને પૂર્ણમાં સમાઈ જાય છે, લય પામે છે.

૨. **ઉદ્ગીથ** - માંડૂક્યોપનિષદ્ના પ્રારંભમાં કહેવાયું છે કે પાંચ ભૂતોનો રસ પૃથ્વી છે. પૃથિવીનો રસ જલ અને જલનો રસ ઔષધિ છે. ઔષધિઓનો રસ પુરુષ છે, પુરુષનો રસ વાણી છે. વાણીનો રસ ઋચાઓ છે, ઋચાઓનો રસ સામ છે અને સામનો રસ ઉદ્ગીથ (ॐ) છે.

કોઈ પણ મંત્ર ॐથી શરૂ થાય છે. ॐ વગર કોઈ મંત્ર નથી. ઉચ્ચ પ્રકારની સ્તુતિ, કોઈ પણ મંત્રનું ઉચ્ચારણ ॐથી જ શરૂ થાય છે. ॐથી જ મંત્રપાઠની શરૂઆત થાય છે. ॐએ પરમેશ્વરની વાઙ્મયી મૂર્તિ છે. य उद्गीथः स प्रणवः यः प्रणवः स उद्गीथः । (છાંદોગ્યપનિષદ ૧.૫.૧) જે અનંતકાલ સુધી પ્રસિદ્ધ છે તે ઓમકાર છે. જે ઓમકાર છે તે ઉદ્ગીથ છે. ઓમ 'અ'કાર, 'ઉ'કાર અને 'મ'કાર માત્રાથી બનેલો છે.

માંડૂક્યોપનિષદ્માં કહે છે, औंकारः सर्वमाप्नोतीत्यर्थः અર્થાત્ સર્વત્ર વ્યાપક છે તે ॐકાર છે.

માંડૂક્યોપનિષદ્ કહે છે औं क्रतो स्मर ઓમ્-નું સ્મરણ કર.

ISSN : xxxx-xxxx
Volume-1, Issues: 1, April-June, 2020

માંડૂક્યોપનિષદ્ કહે છે, ऑं खं ब्रह्म । ઈશ્વર મહાન અને વ્યાપક છે. ૐમાં જ બ્રહ્માંડ સમાહિત છે. માંડૂક્ય ઉપનિષદ્‌ના મતે ૐકારના અતિરિક્ત બીજો કોઈ પદાર્થ નથી.

ॐ तत्सदिति निर्देशो ब्रह्मणस्त्रिविध: स्मृत:।
ब्रह्मणास्तेन वेदाश्च यज्ञाश्च विहिता: पुरा ॥

(ગી.૧૭.૨૩)

અર્થાત્ સર્જનની શરૂઆતથી ૐ તત્ સત્ આ ત્રણ શબ્દો પરમ સત્યનો નિર્દેશ કરે છે. પરમ શક્તિ ૐ તે સનાતન છે. તેની પ્રતીકાત્મક અભિવ્યક્તિ વૈદિક મંત્રોમાં અને યજ્ઞો વખતે પ્રયોજવામાં આવતી હતી. ભગવાન શ્રી કૃષ્ણે ૐકારને એકાક્ષર બ્રહ્મ કહ્યો છે. ૐ કારની ઉપાસનાથી અમૃત્વની પ્રાપ્તિ થાય છે.

ॐ इत्येकाक्षरं ब्रह्म व्याहरन्मामनुस्मरन्।
य: प्रयाति त्यजन्देहं स याति परमां गतिम् ॥

(ગી.૮.૧૩)

અર્થાત્ ૐ એક અક્ષર બ્રહ્મનું ઉચ્ચારણ કરતાં કરતાં જો કોઈ મનુષ્ય સર્વશક્તિમાન પરમેશ્વરનું સ્મરણ કરે અને દેહનો ત્યાગ કરે તો તે પરમ ગતિને પામે છે. નિશ્ચિતપણે તે દિવ્યલોકમાં જાય છે. ગોપથ બ્રાહ્મણમાં એક જગ્યાએ કહેવાયું છે કે જે ઓંકારને નથી જાણતો તે વેદના વશમાં નથી હોતો અને જે જાણે છે તે બ્રહ્મ અને વેદ બંન્નેના વશમાં હોય છે.

ઈશ્વરનું મુખ્ય નામ- ૐ છે. તેનો ગુણ ‘આનંદ’ છે. લક્ષણ સર્વવ્યાપકતા છે. તે સર્વજ્ઞ છે. કાર્ય- સૃષ્ટિની ઉત્પત્તિ, પાલન, વિનાશ અને જીવાત્માઓને કર્મ અનુસાર ફળ આપવું અને સર્વજીવોને જ્ઞાન આપવું. ૐ એ પરમાત્માનું ગુણવાચક, કર્મવાચક અને સ્વભાવવાચક નામ છે. ચિત્રરૂપ ‘ૐ’ પરમાત્માની સહી છે. વાસ્તવમાં ‘ૐ’ એ આ સૃષ્ટિ રચયિતાના હસ્તાક્ષર છે !

ઈશ્વર બુદ્ધિવાદથી સિદ્ધ થાય નહીં અને શોધવાનાં કે જોવાનાં સાધનોમાં આવે પણ નહીં. આપણા ઋષિમુનિએ ધ્યાન-યોગથી આંતરિક શોધ કરતાં પરમ શક્તિનો સાક્ષાત્કાર કર્યો. પરમાત્માનું સ્વરૂપ અને પરમાત્માને ઊંડાણથી જાણવા માટે વૈદિક અને અન્ય શાસ્ત્રોમાં વિસ્તૃત વર્ણનો જોવા મળે છે, તેનાથી જ પરમાત્માનું વાસ્તુત્ય સિદ્ધ થાય છે.

इयंविसृष्टिर्यतआबभूव यदि वा दधे यदि वा न।
यो अस्याध्यक्ष: परमेव्योमन्त्सो अंग वेद यदि वा न वेद ॥

ઋ.૧૦-૧૨૯-૭



Editors : *Dr. Prashant Patel, Dr. Nimish Vasoya*
*Published by : Children’s University, Gandhinagar*

ISSN : xxxx-xxxx
Volume-1, Issues: 1, April-June, 2020

હે (અંગ) મનુષ્ય ! જેથી આ વિવિધ સૃષ્ટિ જે ઉપાદાનથી પ્રકાશિત થઈ છે, જેનો ધારણ અને પ્રલયકર્તા છે, જે આ જગતનો સ્વામી, જેના વ્યાપકત્વની અંદર આ સર્વ જગત ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયને પ્રાપ્ત થાય છે, તે જ પરમાત્મા છે. સૃષ્ટિ અને પ્રલય પરમાત્માને આધીન છે. ભૂત અને ભવિષ્ય પરમાત્મા માટે નથી. પરમાત્મા સદા એક રસ રહે છે. સદા વર્તમાન રહે છે. તે સૃષ્ટિના અધ્યક્ષ છે. તે પરમધામમાં વ્યાપ્ત છે. તેને તું જાણ અને એથી ભિન્નને સૃષ્ટિકર્તા ન માન. તે ઉપરાંત તેઓને સચ્ચિદાનંદ, નિરાકાર, સર્વશક્તિમાન, ન્યાયકારી, દયાળુ, અજન્મા, અનંત, નિર્વિકાર, અનાદિ, અનુપમ, સર્વોધાર, સર્વેશ્વર, સર્વવ્યાપક, સર્વોન્તરયામી, અજર, અમર, અભય, નિત્ય, પવિત્ર, સર્વજ્ઞ, સૃષ્ટિકર્તા, અક્ષર જેવાં વિવિધ નામોથી પણ ઓળખવામાં આવે છે.

ઈશ્વર ગુણોનો સમુચ્ચય છે. મહર્ષિ દયાનંદજી સગુણ-નિર્ગુણની વ્યાખ્યા આપે છે કે નિર્ગુણ - गण्यंतेये ते गुणा वा यैर्गणयंति ते गुण: । योगुणेभ्यो निर्गत:स निर्गुण इश्वर: । સત્ત્વ, રજસ્, તમસ્, રૂપ, રસ, શબ્દ, સ્પર્શ અને ગંધ આદિ જેટલા જડ પદાર્થોના ગુણો છે, તેનાથી; અને અવિદ્યા, અલ્પજ્ઞતા, રાગ, દ્વેષ અને ક્લેશ આદિ જે જીવના ગુણો છે તેનાથી પરમાત્મા રહિત હોવાથી ‘નિર્ગુણ’ કહેવાય છે. સગુણ- योगुणै सह वर्तते स सगुण: પરમાત્મામાં સર્વજ્ઞાન, સર્વસુખ, સર્વ પવિત્રતા અને અનંત બળ આદિ ગુણો છે તેથી તે ‘સગુણ’ કહેવાય છે. સંસારમાં દરેક પદાર્થમાં સગુણતા અને નિર્ગુણતા છે. પરમાત્મા પણ સગુણ અને નિર્ગુણ છે.

(મેરજા, ૧૯૯૧. ૩૯)

શ્વેતાશ્વતરોપનિષદ્‌માં કહ્યું છે,

एको देव: सर्वभूतेषु गुढ: सर्वव्यापी सर्वभूतान्तरात्मा।
कर्माध्याक्ष: सर्वभूताधिवास: साक्षी चेता केवलो निर्गुणश्न्च ॥

(શ્વેતાશ્વતરો, ૬.૧૧)

ઋષિ કહે છે કે એક જ પરમદેવ પરમેશ્વર સમસ્ત પ્રાણીઓના હૃદયરૂપી ઘરમાં બેઠેલા છે.તે જ એક દેવ (પરમાત્મા) સૌ પ્રાણીઓમાં વસેલો છે. સર્વવ્યાપી અને સમસ્ત પ્રાણીઓમાં અંતર્યામી પરમાત્મા સ્થિત છે. તે સર્વવ્યાપક, સમસ્ત પ્રાણીઓનો અંતરાત્મા, સૌનાં કર્મોનો અધીક્ષક, સૌની અંદર સમાયેલો, બધા ભૂતોમાં વસવાવાળા એટલે કે સમસ્ત પ્રાણીઓના નિવાસસ્થાન - આશ્રયસ્થાન અને આધાર છે. સૌનો સાક્ષી, શુભાશુભ કર્મોનો દ્રષ્ટા, તેમનાં કર્મો અનુસાર ફળ આપવા વાળા, પૂર્ણ ચૈતન્ય-પરમ ચૈતન્યસ્વરૂપ તથા બધાને ચેતના પ્રદાન કરવાવાળા, સર્વથા વિશુદ્ધરૂપ અને નિર્ગુણ રૂપ છે. તેઓ નિર્લેપ અને પ્રકૃતિના ગુણો-દુર્ગુણોથી અલગ છે. વેદમાં ઈશ્વરને अकायमव्रणमस्नाविरम् શ્વેતાશ્વતર ઉપનિષદમાં

वेदाहमेतमजरं पुराणं सर्वात्मानं सर्वगतं विभुत्वात्।
जन्मनिरोधं प्रवदन्ति यस्य ब्रह्मवादिनोहि प्रवदन्ति नित्यम् ॥

૩.૨૧

ISSN : xxxx-xxxx
Volume-1, Issues: 1, April-June, 2020

અર્થાત્ પરમાત્મા અજર છે, સનાતન છે, સર્વાન્તર્યામી છે, સર્વવ્યાપક(વિભુ) અને નિત્ય છે. તે ક્યારેય જન્મ નથી લેતા. અર્થાત શ્રેષ્ઠ જીવો મહાપુરુષ, ઋષિ, ભગવાન હોઈ શકે તે ઈશ્વર કે તેઓના અવતાર નહીં !

પરમાત્માને ખ્રિસ્તીઓ ઑમ્ની પ્રેઝેંટ, ઑમ્નીસિયેંટ, ઑમ્નીપોટેંટ (સર્વત્ર, સર્વજ્ઞ) કહે છે. ઈસ્લામ અનુસાર હુવલઅવલ, વલઅખિર, વલજાહિર, વલકાતિન (એ જ પ્રથમ છે અને અંતિમ છે. એ જ વ્યક્ત છે, એ જ અવ્યક્ત છે.) શીખ સંપ્રદાયમાં જો બોલે સો નિહાલ સત્ત શ્રી અકાલ' કહે છે. ઈશ્વર-અનીશ્વરવાદ, ચાર્વાકનો નાસ્તિવાદ, ભક્તિવાદ, દ્વૈત-અદ્વૈત, દ્વૈતાદ્વૈત, વિશિષ્ટાદ્વૈત, જૈન, બૌદ્ધ, શીખ, શાક્ત, શૈવ, વૈષ્ણવ વગેરે ભારતીય સંસ્કૃતિની વિચારસ્વાતંત્ર્યની અભિવ્યક્તિ છે !

**સંદર્ભ-સૂચિ :**


- ઋગ્વેદ ભાષ્ય : ભાગ-૪, અનુવાદક્- વૈદ્ય દયાલમુનિ આર્ય, પ્રકાશક - વાનપ્રસ્થ સાધક આશ્રમ, આર્યવન, રોજડ., પો.સાગપુર, જિ.સાબરકાંઠા, ગુજરાત-૩૮૩૩૦૭, વર્ષ-૨૦૧૬, સૃષ્ટિ-સંવત-૧૯૬૦ ૮૫૩૧૧૭
- ઉપનિષદ્ રહસ્ય એકાદશોપનિષદ્ : વ્યાખ્યાકાર - મહાત્મા નારાયણ સ્વામી, પ્રકાશક - વિજયકુમાર ગોવિંદરામ હાસાનંદ, ૪૪૦૮, નઈ સડક, દિલ્હી-૧૧૦૦૦૬, સન ૨૦૧૪
- ભગવદ્ગીતા : કૃષ્ણકૃપામૂર્તિ શ્રી શ્રીમદ્ એ. સી. ભક્તિવેદાંત સ્વામી, પ્રભુપાદ પ્રકાશન, ભક્તિવેદાંત બુક ટ્રસ્ટ, હરે કૃષ્ણ મંદિર, જુહુ, મુંબઈ-૪૦૦૦૪૯, સન ૧૯૯૮
- આપણો સાંસ્કૃતિક વારસો : લે.પરમાનંદ ગાંધી, શ્રદ્ધા પ્રકાશન, સ્પાન ટ્રેડ સેંટર, કોચરબ આશ્રમની સામે, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૬, સન ૨૦૦૭
- મૂર્તિપૂજા અને શ્રી પાંડુરંગજી શાસ્ત્રી : લે.ભાવેશ મેરજા, પ્રકાશકઃ આર્યસમાજ, સૈજપુર બોઘા, અમદાવાદ-૩૮૨૩૪૫, સ્વસ્તિ પંથા, વર્ષ-૪, અંક -૩, મે-૧૯૯૧, સૃ-૧૯૭૨૯૪૯૦૯૧
- ભારતીય સંસ્કૃતિ દેશ-વિદેશ મેં ડૉ. શ્યામસિંહ, શશી પ્રકાશક, કિતાબઘર, ૨૪/૪૮૫૫, અંસારી રોડ, દરિયાગંજ, નઈ દિલ્હી-૧૧૦૦૦૨, સન ૨૦૧૨



Editors : *Dr. Prashant Patel, Dr. Nimish Vasoya*
*Published by : Children's University, Gandhinagar*